## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

સાવ કોરો પત્ર મોકલ, વાંચશું.
ભોતરે એનોય વાચક હોય છે !
મુખ જો ખોલે તો થાય સૌ ઉઘાડા
એટલે દર્પણ અવાચક હોય છે !
- ધૂની માંડલિયા

### પાથેય

- રમેશ ઠક્કર

## નૂતનની નજાકત

એવું કહેવાય છે કે જૂના મિત્રો અને જૂની બચત એ જ સાચી મૂડી હોય છે..માણસમાત્રને જૂની વાતો ગમતી રહે છે..અને અંતે જૂનું એ જ ઉત્તમ એવી એક ગ્રંથી પણ માણસમાં ઘર કરી જતી હોય છે.માણસ નવી વસ્તુ કે નવા અભિગમને એટલી સહજતાથી સ્વીકારી શકતો નથી..એની સામે જોઇએ તો જગત સતત પરિવર્તનશીલ છે..અને એમાં કોઇ જ વસ્તુ કાયમ નવી રહી શકતી નથી !

ઇશ્વરે માણસને સ્મૃતિનો ખજાનો આપ્યો છે. એ ધારે તો એમાંથી સુખદ પળોને સાચવી એનો આનંદ લઈ શકે.વ્યકિત પોતે જે જીવ્યો હોય કે એણે જે આનંદ મેળવ્યો હોય એ જ એને ઉત્તમ લાગતું હોય છે... સ્મરણોને વાગોળવાની જન્મજાત બધાને ટેવ પણ હોય છે... જાણે અજાણે એ માનતો થઈ જાય છે કે પોતાનું જે ભાવજગત છે એ જ સાચું..બદલાતો સમય કે અન્યની અનુભૂતિ એને હંમેશાં અધુરી લાગતી હોય છે..અતીતરાગ એ ઘણીવાર અનુરાગ બની જાય છે.

આપણા સમયમાં ઉત્તમ ફિલ્મો આવતી.મહાન કલાકારો હતા..જબરજસ્ત ક્રિકેટરો હતા..બહુ જ પ્રેમાળ વડિલો હતા એવી જાતજાતની વાતો મક્કમપણે અમુક લોકો માનતા રહે છે..પરંતુ આપણે એ ભુલી જઇએ છીએ કે જગતમાં દરેક યુગમાં નવી નવી પ્રતિભાઓ આવતી રહે છે. ‘વસુંધરા બહુરત્ના’ એમ અમસ્તું નથી કહેવાયું...એક વ્યકિત જાય છે તો એની સામે બીજી વ્યકિત એનું સ્થાન લઈ લેતી હોય છે..દરેક જમાનામાં વિરાટ અને વિશિષ્ટ માણસો જન્મતા જ રહે છે... આપણા જમાનાનો મોહ આપણને કારણવગર દુઃખી કરતો રહે છે.

હમણાં એક મિત્રએ બહુ મજાનો અનુભવ કહયો જે માણસની આ વૃત્તિ ઉપર ગજબ પ્રકાશ પાડે છે..એમને પોતાની દરેક ઉંમરના ફોટોગ્રાફ્સ ભેગા કરીને એને સાચવી રાખવાનો એક શોખ છે.એનાં આલ્બમ એ ભેગાં કરીને રાખે છે અને નિરાંતના સમયે એ જોતા રહે છે..નવાઇ લાગે એવી વાત એ છે કે એમને આજે જે ફોટા ગમતા ના હોય એ અમુક વરસ પછી ખૂબ સારા લાગે..! એ સમયની યાદો પ્રસંગો અને એ સમયના સાથીઓ આજના કરતાં સારા લાગે...આ વાત જાણે આપણા સહુના મનની વાત હોય એવું લાગે છે ને ?

માણસને જાણે અજાણે પોતાના ભૂતકાળનો એક લગાવ હોય છે. એ અમુક હદ સુધી માનવીય ગણી શકાય.પરંતું માણસનો એ અનુરાગ જો કોઈ નવી અનુભૂતિ, નવી પ્રતિભા કે નવા માહોલને સમજવામાં અંતરાય બનીને ઉભો રહે તો એ ચોક્કસ અધુરપ ગણાય. જગતમાં માત્ર જૂનું એટલું જ સોનું એવું નથી હોતું..નવાની નજાકત પણ નવાઇ પમાડે એવી હોય છે !

# ગુજરાતમાં આપ સામે અનેક પડકાર

**તંત્રીસ્થાનેથી...**

સુરતમાં મહાનગરપાલિકાની ચૂંટણીમાં અપેક્ષા કરતાં ઘણું સારું પ્રદર્શન કર્યા પછી ‘આમ આદમી પાર્ટી’ ગુજરાતમાં ત્રીજા પરિબળ તરીકે પગપેસારો કરશે એવી શક્યતાઓ ચર્ચાવા લાગી હતી. જો કે ‘આપ’ના મુગ્ધ કાર્યકર્તાઓના વધુ પડતા દાવા અને લોકસેવા માટેની સક્રિયતા જોતાં એમ જ લાગતું હતું કે સંઘ કાશીએ નહીં પહોંચે ! આખરે એ ધારણા સાચી પડી રહી છે. કેજરીવાલ દિલ્હી સારી રીતે સંભાળી શકે પણ મોદી અને શાહ તો દેશ આખો સંભાળી રહ્યા છે. સ્વાભાવિક છે કે ગુજરાતી પ્રજાને પોતાના વિસ્તારના અને પોતાની ભાષા બોલતા નેતાઓ પ્રત્યે મમત્વ હોય. સુરતમાં જ ‘આપ’ ના સાપે ફૂંફાડા મારવા શરૂ કર્યા એટલે ખુદ સી.આર. પાટીલ માટે નામોશી જેવી પરિસ્થિતિ સરજાઈ હતી. ‘આપ’ સુરત થઈને સૌરાષ્ટ્રમાં ના ઘૂસી જાય એની ભાજપના મોવડીમંડળને ભારે ચિંતા હતી. ખાસ તો લેઉઆ પાટીદાર સમાજના સર્વમાન્ય નેતા નરેશ પટેલ અટપતાં નિવેદનો કરતાં રહેતા હતા અને મહેશ સવાણી જેવા લોકસેવાને વરેલા ધનકુબેરો ‘આપ’નું ઝાડુ પકડી બેઠા હતા એથી એ અજાણ્યા અને સાવ સીમિત રાજકીય પક્ષ માટે ગુજરાત એક ફળદ્રુપ પ્રયોગભૂમિ બને એવું લાગતું હતું. આમ આદમી પાર્ટી વિશે જાણીતા રાજકીય અગ્રણીએ શરૂથી જ શંકાશીલ હતા એટલે પાર્ટીમાં કોઈ મોટાં માથાં તો કયારેય પ્રવેશ્યાં જ નહીં. પત્રકાર અને આંદોલનકારી પાટીદારની જોડી ઝાઝો પ્રભાવ ઊભો કરી શકી નથી. ‘કમલમ્’ પર કરેલા હુમલો ગઢવીના ગઢના કાંગરા ખેરવી રહ્યો છે. ઈસુદાન અને સી.આર. પાટીલની રાજકીય સૂઝબૂઝની સરખામણી જ ન થઈ શકે. કોંગ્રેસની વેરવિખેર હાલત છતાં કોઈ મોટા ગજાના ઉપેક્ષિત આગેવાનો ‘આપ’ તરફ દૃષ્ટિપાત નથી કર્યો તેની નોંધ લેવી જ રહી. મોડે મોડે કોંગ્રેસનું ગુજરાત પ્રદેશનું માળખું સ્થિર થયું છે અને એના કર્ણધાર તરીકે ઠાકોર-ક્ષત્રિય અગ્રણી અને પ્રભાવશાળી કર્મઠ સાંસદની પૂર્વભૂમિકા ધરાવતા જગદીશ ઠાકોરની વરણી થઈ છે. ભરતસિંહ સોલંકી પણ કોરોનાના ઘાતક હુમલામાંથી હેમખેમ બહાર આવી સક્રિય થયા છે. આમ ગુજરાતમાં કોંગ્રેસનું ભ્રમનિરસન પણ થઈ ગયું છે અને માધવસિંહ સોલંકીના પગલે ફી પાછી ‘ખામ’ થિયરી અપનાવી રહી છે. પાટીદારો એમનું મન ભલે ના કળવા દે પણ એ ભાજપની વોટબેંક બની ગયા છે એટલે એમને કોંગ્રેસ તરફ વાળવા એ તો સીધાં ચઢાણ જેવું કપરું કામ છે. હાર્દિક પટેલને ગજા ઉપરનું મહત્ત્વ અપાતું પણ તેઓ પાટીદાર માનસમાં કોઈ પરિવર્તન આણી શક્યા નથી. પાર્ટીના મોવડીમંડળે પણ એ સમજી લીધું છે કે હાર્દિક પટેલ કદ મુજબ વેતરાઈ ગયા છે. રાહુલ ગાંધીની યુવા નેતાગીરીને આગળ ધરવાની શૈલી ગુજરાત કોંગ્રેસનાં વિવિધ જૂથોએ એકી અવાજે નકારી કાઢી છે. જો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિવાદિત યુવાન મુસ્લિમ કોર્પોરેટરને વિપક્ષનું નેતા પદ સોંપીને પાર્ટીએ યુવા વર્ગ ઉપરાંત લઘુમતી સમાજનો સંકેત તો આપ્યો જ છે કે રાહુલ અને પ્રિયંકા ગાંધીની કોંગ્રેસ એ હવે સોનિયા-મનમોહનની કોંગ્રેસ નથી રહી. મુસ્લિમ નેતા અહમદ પટેલના નિધન પછી પાર્ટી ગુજરાત પૂરતી તો મુસલમાનોને સાચવી લેવા આવા નવા લઘુનેતાઓને ઠેર ઠેર ઊભા કરશે જ. ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ - બેઉના જનાધાર પર આમ આદમી પાર્ટી દ્વારા ભાંગભોડ કરવાની દહેશત ફેલાઈ હતી જે હવે ચૂંટણી આવે એથી ઘણા સમય પહેલા શમી ગઈ છે. મહેશ સવાણી ભલે મોટા માનવતાવાદી રહ્યા પણ એમને પણ ઈન્કમટેક્સ, ઈડી અને સીબીઆઈની જંજાળ તો પજવતી જ હોય. આખરે એમને પણ સમજાયું લાગે છે કે સત્તા આગળ સંતો ઝૂકી જતા હોય ત્યાં ધનકુબેરોનું તો શું ગજું ? ઉત્તરપ્રદેશમાં માયાવતી જેવાં ડાહ્યાંડમરાં થઈ યોગીજીની પાંખમાં ભરાઈ ગયા છે ! અખિલેશ યાદવ ગમે તેટલું જોર મારશે તો પણ માયાવતીની દલિત વોટબેંક એમના ઈરાદા બર નહીં આવવા દે. પરિણામે એમની સામે કેન્દ્રીય એજંસીઓ પણ સાનુકૂળ રહેશે. બની શકે કે ૨૦૨૪ની લોકસભા વખતે ભાજપ સાથે ખુલ્લું ગઠબંધન રચીને માયાવતી મોદીજીની કેબીનેટમાં મોભાભર્યું સ્થાન મેળવી લે ! રાજકારણમાં સમીકરણો સતત બદલાતાં રહે છે. એટલે નરેશ પટેલ જેવા સામાજિક આગેવાનો કુલડીમાં જ ગોળ ભાંગતા રહે છે. મહેશ સવાણીએ ‘આપ’ સાથે જોડાણ કરીને એક નાનો એવો પાટીદારછાપ પડકાર ઊભો કરેલો જે ટાંય ટાંય ફિસ થઈ ગયો છે. સી.આર. પાટિલનું ગણિત બહુ જ પાકું છે. એમના નેતૃત્વ હેઠળ ભૂપેન્દ્ર પટેલ સરકાર ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી લડવાની છે. મોદી-શાહ માટે ગુજરાત એ રાજકીય પ્રયોગશાળા છે. એમાં થોડું જોખમ વહોરીને પણ નવા નવા પ્રયોગો કરી શકાય છે. બીજાં રાજયોમાં એવું કરવા જાય તો ઉઠમણું જ થઈ જાય. જો કે કર્ણાટકમાં યેદિયુરપ્પાને ખસેડવાનું જોખણ પણ આ બેલડી કરી ચૂકી છે. કારણ કે પૂર્વ મુખ્યમંત્રીના ભ્રષ્ટાચારની ચોટી એના હાથમાં છે.

# શિક્ષિકાની વાતથી વિદ્યાર્થીઓ ગદગદ થઈ ગયા



**નવાં કલેવર**
**નટવર હેડાઉ**

શિક્ષિકા સુનંદાબહેને પોતાના કલાસમાં આવી વિદ્યાર્થીઓ સામે જોયું. કોરોનાકાળના લાંબા સમય બાદ શાળા ખુલી હોવાથી વિદ્યાર્થીઓ ખુશખુશાલ હતા. સુનંદાબહેને કહ્યું, ‘આટલા દિવસથી તમે ઘરે જ હતા. ઓનલાઈન ભણ્યા પણ હશો અને ખુબ મજા પણ કરી હશે. તો ચાલો આજે હું તમારો સરપ્રાઈઝ ટેસ્ટ લઉં છું.’ આ સાંભળતા જ વિદ્યાર્થીઓમાં ગભરાટ ફેલાઈ ગયો. અમુક પોતાના પુસ્તકોના પાનાં ફેરવવા લાગ્યા તો કોઈ વળી નોટ્સ વાંચવા લાગ્યા.

‘એ બધું કામ નહીં ચાલે’ સુનંદાબહેન બોલ્યા અને હંસી પડ્યા.

સુનંદાબહેને બધા વિદ્યાર્થીઓને પેપર વહેંચી દીધા. ‘હવે તમે પેપર જોઈ શકો છો ?’ તુરંત બધા પેપરને જોવા લાગ્યા. ‘પણ આ શું ?’ પેપરમાં તો કોઈ પ્રશ્ન હતા જ નહીં. હાં આખા કાગળમાં એક કાળા રંગનું ટપકું હતું.

‘મેડમ, આ શું છે ? આમાં પ્રશ્ન તો છે જ નહીં.’ એક વિદ્યાર્થીએ ઊભા થઈ પૂછ્યું. ‘જે છે તે તમારી સામે જ છે. તમારે તેની વ્યવસ્થા કરવાની છે. પણ ધ્યાન રાખજો. તેના માટે તમારી પાસે માત્ર દસ મીનિટ છે.’ ચપટી વગાડતાં સુનંદાબહેન બોલ્યાં.

વિદ્યાર્થીઓ આ વિચિત્ર પ્રકારના પ્રશ્નનો જવાબ લખવામાં લાગી ગયા. દશ મિનિટ થતાં જ શિક્ષિકા સુનંદાબહેને સમય પુરો થવાની જાહેરાત કરી અને ઉત્તરવહીઓ ભેગી કરવા લાગ્યા. શિક્ષિકા સુનંદા બહેન બધાના ઉત્તરો તપાશ્યા. દરેકે કાળાં ટપકાંને પોતાની રીતે સમજાવવાની કોશિશ કરી હતી. પરંતુ કોઈએ પણ તે ટપકાંની આસપાસ દેખાતી સફેજ જગ્યા બાબતે કંઈ લખ્યું ન હતું.

શિક્ષિકા સુનંદાબહેનને ગંભીર સ્વરે કહ્યું, ‘આ પરીક્ષા લેવા પાછળનો મારો એકમાત્ર હેતુ હતો. હું તમને જીવનનું એક અદ્‌ભૂત સત્ય સમજાવવા માગુ છું. જૂઓ આ કાગળ તેનો ૯૯ ટકા ભાગ સફદે છે. પરંતુ તમારામાંથી કોઈએ તેની બાબતમાં કંઈ લખ્યું નથી. અને તમારી સો ટકા શક્તિ તમે જે ટપકું માત્ર એક ટકો કહેવાય તેને સમજાવવામાં વાપરી નાખી. આ જ વાત આપણા જીવનમાં પણ જોવા મળે છે.’ મુશ્કેલીઓ, હાડમારીઓ, સમસ્યાઓએ આપણા જીવનનો એક નાનો હિસ્સો છે. પરંતુ આપણે આપણું સમગ્ર ધ્યાન તેના પર લગાવી દઈએ છીએ. કોઈ માણસ રાત દિવસ પોતાના રુપરંગની ચિંતામાં પરેશાન રહે છે. તો કોઈ વળી ભવિષ્યને લઈને ચિંતામાં ડુબેલો રહે છે. કોઈ પૈસો ન હોવાની વાતે રોંદણાં રડે છે. તો કોઈ વળી બીજાંની નાનકડી ભૂલને પોતાના મગજમાં લઈ ફરે છે. ગયા વર્ષની મુશ્કેલીઓને શા માટે યાદ કરવી જોઈએ. તેના કરતાં શું સારું થયું તે વાતે આપણે ખુશ ન થઈ શકીએ ? લોકડાઉનમાં ઘરનાં શુદ્ધ ભોજન ખાવા મળ્યું તે માટે પ્રભુનો પાડ માનવો જોઈએ કે નહીં ? આપણે આપણા કુટુંબના સ્નેહાળ સભ્યો, મિત્રો અને સબંધીઓની ભૂલોને ભુલી જઈ આપણા સંબંધોને તૂટતા બચાવવા પ્રયત્ન કેમ કરતાં નથી. જીવનમાં બધું પરિવર્તનશીલ છે ત્યારે સકારાત્મક વિચાર જીવનને સુખી કરે છે. શિક્ષિકાની વાતથી વિદ્યાર્થીઓ ગદગદ થઈ ગયા.

### દિન મહિમા

- ૧૯૭૫માં હિમાચલ પ્રદેશમાં ભૂકંપ
- ૧૮૦૯ - એડગર એલન પો, અમેરિકન લેખકનો જન્મ.
- ૧૫૯૭માં મહારાણા પ્રતાપનું અવસાન
- ૧૯૯૦ - ઓશો રજનીશનું અવસાન (ગુરુ, યોગી)

### આજનું ઔષધ

- ગોળ સાથે હરડે લેવાથી કફ અને પીત્ત મટે છે.

### ખડખડાટ

- અમારા જમાનામાં વાલી મીટીંગ નહોતી થતી... ટીચર જ ઘરે આવતા ચા-પાણી પીતા અને ઉપરથી મેથીપાક ખવડાવીને જતા...

### આજનો વોટ્સએપ

- મનમાં હંમેશા જીતવાની આશા હોવી જોઈએ.... નસીબ બદલાય કે ના બદલાય પણ સમય ચોક્કસ બદલાય છે.

# પાંપણમાં દબાવેલી એકલતા રાખી છે, શબ્દો વચ્ચે મેં મારી એ પીડાને દાટી છે



**એમ પણ બને...**
**પારૂલ અમિત**

મિત્રો એમપણ બને કે આપણાં હજારો,લાખો ચાહકો હોય સોશિયલ મીડિયામાં પણ અંદર ખાને આપણે એકલાં હોઈએ.

આજની ફાસ્ટ લાઈફમાં આપણે આંગળીના ટેરવાથી એકદમ કલોઝ છીએ સોશિયલ મીડિયામાં પરંતુ અંદર ખાને આપણે અંગત સ્વજનના સંર્પક વિહોણા એકલા છીએ. લોનલીનેસ એંગ્રેજીમાં કેટલું સરસ લાગે જીવવાની વાત આવે ત્યારે વાસ્તવિકતા કંઈક જુદી હોય છે. .

ક્યાંકને ક્યાંક પ્રેમની કમી અને હાઈ પ્રોફાઈલ લાઈફ માં ઈચ્છા અને મહત્વકાંક્ષાના ડુંગર આપણને એકલતાની ખીણમાં ધકેલી રહ્યાં છે.

શું આપણો માનવીયતા સાથેનો સંપર્ક દિવસે ઓછો થઈ રહ્યો છે?

જયારે એકલતા ઘેરી વળે ત્યારે મન સતત કોઈકનો સાથ ઝંખે છે.ક્યાંક બહાર આંટો મારવાનું મન થાય પણ માણસો વ્યસ્ત હોય છે મોબાઈલમાં. અમુકવાર વાત કરવાનું એટલું બધું જરૂરી થઈ જાય કે મન એકલું એકલું બબડયા કરે. આપણે ઘણીવાર એવું બોલતા હોઈએ છીએ કે મારે કોઈની જરુર નથી ,લિવ મી અલોન ,હું એકલી જ સારી કે સારો. પરંતુ એકલતા એ મોટી બીમારી છે. એક ક્યાંક કોઈ સેમિનારમાં સાંભળેલી વાત યાદ આવી તુર્કીમાં એકલતા સામે લડી રહેલો એક પુરુષ પોલીસના ઈમરજન્સી નંબર પર સતત મહિનાઓ સુધી ફોન લગાડીને ફરીયાદના બદલે માત્ર વાતો કરતા રહ્યા. બસ એનો હેતુ હતો વાતચીત, સંવાદ.

આપણે આવા દિવસો આવે એ પહેલાં ચાલો કોઈ ઉપાય શોધી નાખીએ કારણ ભીંસી નાંખે એવી એકલતા ડિપ્રેસન અપાવે છે તો આલ્કોહોલિક બનાવી શકે છે.હાઈ સોસાયટીમાં આ ટ્રેન્ડ બની ગયો છે.

રજાનો દિવસ ક્રૂર સાબિત થાય છે અને ઈન્ટરનેટ દ્વારા ખરાબ આદતો પડે છે. તો ખોટા સિમ્પથી વાળા ઓનલાઈન સંબધો બાંધી બેસાય છે આગળ જતા વધુ પીડા આપે છે. અમાર્યાદિત ચેટ આનંદ જરૂર આપે છે પણ એ લાગણીઓ અને એ સહવાસ નથી અપાતું જેની ઝંખના આપણું મન કરતું હોય છે.

કેરિયર અને અમુક સ્પેશયલ ચોઈસ જીવનસાથીને યોગ્ય સમયે જીવનમાં એન્ટર કરવાની પરવાનગી નથી આપતું. જે આગળ જતા એકલતામાં પરિણમે છે. એમ પણ બને કે વિશાળ હાઉસ હોય એના ડ્રોઈંગ રૂમમાં છે રોજ ચા ના બે કપ ભરાય અને પીવા વાળા તમે એકલા હોવ, સામસામી બે ખુરશીઓ પડી હોય એક માં એકલતા રૂપી તમે અને સામે યાદો રૂપી કોઈ સંબધ. ચાલો આપણે એવું કરીએ કે રોજ સાથે ચા પીનારા સંબંધો આપણી સાથે હોય.

એવું શા માટે બને કે આપણે એકલાં પડી જઈએ. આસપાસ ઊગેલું ફૂલ પણ ક્યારેક એકલું જોયું છે, જ્યાં કાંટા કે પાંદડા ના દેખાતાં હોય , પણ... એમ પણ બને કે ઝાકળ એની ઉપર હોય. તો આવા ઝાકળ જેવા સંબધો વિકસાવવા રહ્યાં. જે આટલે અધ્ધર થી માત્ર સાથ દેવા માટે અને કાળજી લેવા આવે. મિત્રો એકલતા શારીરિક હોતી નથી, એકલતા માનસિક હોય છે. એકલતા ઉપર હિન્દી બૉલીવુડના ઘણાં ગીતો પણ છે ‘એકલે હે ચલે આઓ જહાં હો’ કોઈ આવવાની પહેલ કરે ના કરે ચાલો આપણે પહેલ કરીએ અને એકલતા વધુ ઘેરી વળે એના પહેલાં સંવાદ કરી અને સાંભળી શકે એવા સંબધો વિકસાવીએ. આ દુનિયામાં દરેક વ્યક્તિ કોઈ ને કોઈના આધાર પર અને ટેકા પર જ ટકે છે તેથી એકલતામાંથી બહાર નીકળવા માટે કોઈનો સાથ મળે તો હાથ લંબાવવામાં વિલંબ કરવો જોઈએ નહીં. એકાંત અને એકલતા ટાળો - જે લોકો તમને ચાહે છે તેમનાથી દુર થઈ જવાથી પરિસ્થિતિ વધુ ખરાબ થશે. દિવસમાં ઓછામાં ઓછી એક વાર કોઈની સાથે વાત કરો.ખબર છે મોબાઈલમાં પણ દિવસમાં બે વાર તો કસ્ટમર કેર વાળા ફોન કરતા હોય છે. તો આપણે આપણી કેર વાળા બનીએ. તો ચાલો ડુ કનેક્ટ વિથ ફેમિલી એન્ડ ફ્રેન્ડ્ઝ ફોર બ્યુટીફૂલ એન્ડ ઈન્ટરેસ્ટિંગ લાઈફ. માનસિક રોગની દવા ઓગાળીને પીવી પડે એ પહેલાં અહમને ઓગાળી સુધારી લઈએ બગડેલા સંબધો. કદાચ આ જ ફેમિલી સાથે શેર કરવાથી સમય આપવાથી અને સમય પસાર કરવાથી એકલતાનો ઉકેલ મળી જશે અને અડધું દુઃખ એમ જ દૂર થઈ જશે. કોઈક સતત આપણી સાથે છે અને સતત આપણને સાંભળી અને સંભાળી રહ્યું છે આ કનેક્શન જ આપણને મજબૂત બનાવે છે અને આ લાગણી દરેક પ્રકારના પડકાર ઝેલવાની અને સંઘર્ષ સામે લડવાની શક્તિ આપે છે. ખાલીપાની આસપાસ વીંટળાયેલી એકલતા ચીસ પાડી ઉઠે છે, એકલતાના ધમ પછાડા મૂંગા હોય છે અને આપણા પડઘા વેરાઈ જાય એ પહેલાં વેરાઈ જઈએ કોઈ અંગતમાં.

‘ચાર ભીંતોમાં ઉછળતી ઉદાસી ને એકલતા હોય
ના રૂમાલ મળે,ના ખભો મળે આંસુ લૂછવાં ને
ઉઘાડો બારી ને આલિંગન કરવાં આખે આખો
કોઈક માણસ મળે એમ પણ બને’....

# ‘તારક મહેતા કા ઊલટા ચશ્માં...’ બધું જ ઊલટું છે



**મન-રંજન**
**દ્વનિલ પારેખ**

‘તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા’ - તારક મહેતા લિખિત આ શ્રેણી જે તે વખતે પ્રગટ થતી હતી ત્યારે પણ અત્યંત લોકપ્રિય થઈ હતી. દુનિયાને જુદી રીતે જોવાનો દૃષ્ટિકોણ હાસ્યરસ સામે એણાં




હતો. દૂરદર્શન અને પછી વિવિધ ચેનલ્સ શરૂ થઈ એમાં સોની ટીવીએ હાસ્ય-મનોરંજન માટે સબ ટીવી શરૂ કર્યું અને એમાં ‘તારક મહેતા કા ઊલટા ચશ્મા’ ધારાવાહિક રુપે પ્રસારિત થવા લાગી. આસિત મોદીના નિર્માણ હેઠળ આ ધારાવાહિક લગાતાર કંઈ કેટલાયે વર્ષોથી સતત પ્રસારિત થાય છે અને નિર્દોષ મનોરંજન અને હાસ્ય પીરસવાનો દાવો કરે છે.

કોઈ ધારાવાહિક ગમે તેટલો દાવો કરે પણ પ્રેક્ષકો તરીકે આપણે સમજવાનું રહે છે, કે એ દાવો કેટલો ઠોસ છે કે પોકળ છે ? આ ધારાવાહિક શરૂ થઈ એની શરુઆતમાં એમાં આનંદ આવતો હતો મુખ્ય ભૂમિકા ભજવનાર જેઠાલાલ ચંપકલાલ ગડા ગુજરાતી કુટુંબ હોવાને કારણે અને દયા ભાભીની બોલવાની શૈલી, ચેષ્ટાએ આકર્ષણ જમાવ્યું હતું. પણ હવે, એ ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ આધારિત નથી ભલે, નામ એ પ્રમાણે વપરાતું હોય! તારક મહેતાએ જે કંઈ લખ્યું હતું એનું ધારાવાહિકરણ તો કયારનું પૂરું થઈ ગયું છે હવે માત્ર એમનું નામ અને એ નામને કારણે જે લોકપ્રિયતા હાંસિલ થઈ છે એનો લાભ લેવામાં આવે છે. આ ધારાવાહિક ઘણા વખતથી જોવાનું બંધ કર્યું હતું પણ અત્યારે ત્રણ-ચાર એપિસોડ ફરી જોવાનું બન્યું ત્યારે એ ધારાવાહિકનાં સ્તર વિશે પ્રશ્નો થયા.

ગુજરાતી રંગભૂમિના એક ઉત્તમ અભિનેતા દિલીપ જોશી એમાં જેઠાલાલની ભુમિકા ભજવે છે. એમના અભિનયની વિશિષ્ટ શૈલીને કારણે પણ એ પૂર્વે જોવાની મજા પડતી હતી. પણ હવે, નિર્માતા, લેખકો, અને ધારાવાહિકના દિગ્દર્શકો પાસે વિષયખૂટી પડ્યા હોય એમ લાગે છે કશું ન મળે ત્યારે પોપટલાલના લગ્નનું પ્રકરણ રબ્બરની જેમ ખેંચવામાં આવે છે અને અત્યારે કંઈ ભૂત-પ્રેતનું ચાલી રહ્યું છે. ધારાવાહિકનું પાત્ર તારક મહેતામાં આત્માનો પ્રવેશ થયો છે અને એને ભગાડવા માટે ભૂવાને બોલાવવામાં આવે છે એ પણ મુદ્દો રબ્બરની જેમ સતત ખેંચાયા કર્યા છે અને ધારાવાહિક ફૂવડ બનતી જાય છે.

લોકપ્રિયતા હાંસિલ થયા પછી એ લોકપ્રિયતા ટકાવવી અઘરી છે. લોકપ્રિયતાને વટાવવામાં પણ આવે છે. વટાવો ભલે, વટાવો, એમાંથી નાણાં પણ કમાઓ પણ એ લોકપ્રિયતા રબ્બરને ખેંચખેંચ કરવાથી તૂટી જાય એમ તૂટી ન જાય એનું ધ્યાન પણ રાખવું રહ્યું! બાકી, ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’માં બધું જ ઊલટું છે....

# બેનની બેનીનો હરખ ના માય રે માણેકથંભ રોપિયા



**મનના ઉમંગો**
**રણછોડ પરમાર**

ગણેશ સ્થાપન પછી જો સારું મુહૂર્ત હોય તો તુરત જ મંડપમુહૂર્ત કરવામાં આવે છે. જૂના જમાનામાં લગ્નનો મંડપ બાંધવાનો શરુ થાય તે પહેલાં જે પ્રથમ થાંભલો રોપવામાં આવે તે પૂરી વિધિપૂર્વક રોપવામાં આવતો હશે. પછી એ રિવાજ બની ગયો હશે. પહેલાં તો બધાં લગ્ન ઘરઆંગણે જ કરવામાં આવતાં. એટલે માંડવાનો પહેલો થાંભલો ઘરના અંગત માણસ દ્વારા રોપવાની વિધિ કરવામાં આવતી હશે. ગણેશપૂજાની જેમ મંડપમુહૂર્તની વિધિ સજોડે કરવામાં આવે છે. હવે લગ્નો બહુ ખર્ચાળ બનવા લાગ્યા છે ત્યારે મંડપો પણ ભારે વૈવિધ્યપૂર્ણ અને ખર્ચાળ થવા માંડ્યા છે.સમુહ લગ્નોમાં તો કેટલા વિશાળ મંડપો બાંધવામાં આવે છે તે બધાએ જોયું હશે. આવા મંડપ ઊભા કરવામાં આઠદસ દિવસ જેટલો સમય પણ થઈ જાય છે. એટલે મંડપનો પહેલો થાંભલો વિધિપૂર્વક રોપવાનું લગભગ જતું રહ્યું છે. મંડપમુહૂર્તની વિધિ પ્રતિકરુપ બની ગઈ છે. કેટલીકવાર તો આખો મંડપ તૈયાર થઈ ગયા પછી મંડપમુહૂર્ત થાય એવું પણ બની શકે છે.

માણેક સ્થંભ ! કેટલો સરસ શબ્દ છે ! સંતાનના લગ્ન હોય અને માંડવો બાંધવાનો હોય તો જેવો તેવો લાકડાનો થાંભલો થોડો ચાલે ? લોકકવિ કાયમ ઊંચા ગજાની વાત કરતો હોય છે. પટોળું વહોરવાનું હોય તો જેવું તેવું સાદું પટોળું એને ના ચાલે. એને તો પાટણનું પટોળું જ જોઈએ. એમ અહીં માણેકસ્થંભ લવાયો છે. ઘરનું એક યુગલ એની પૂજા કરે છે પણ રોપવાની ઘડી આવે છે ત્યારે કુટુંબના પાંચ સભ્યોને બોલાવવામાં આવે છે. બધા ભેગા મળીને મંડપનું મુહૂર્ત કરે છે.

અમારે ત્યાં મંડપમુહૂર્ત માટે “ થાંભલી નાંખવી” એવો સાવ દેશી રુઢિપ્રયોગ વાપરવામાં આવે છે. અને થાંભલી પણ કેવી ? બેચાર જણા આગળના દિવસે ખેતરમાં જઈને સમીવૃક્ષની સરસ સીધા સોટા જેવી થાંભલી કાપી લાવ્યા હોય. આજુબાજુથી પાંદડાં અને વાગે તેવા કાંટા છોલી નાખ્યા હોય. તોય છેક ટોચે તો કાંટા સહિત ડાળખાં યથાવત હોય. એવી થાંભલીનું પૂજન થાય અને એને પાંચ માણસ ભેગા થઈને રોપે છે. થાંભલી નાંખ્યા પછી બધાંને ગોળ વહેંચવામાં આવે છે. અમારે ત્યાં મુઠે મુઠે ગોળ વહેંચવામાં આવે છે. નાના છોકરાંના હાથમાં ગોળ સમાય નહીં એટલે એની માતા એનો ગોળ એક રુમાલમાં બાંધી દે છે. અમે નાનાં હતાં ત્યારે આવી રીત રુમાલમાં ગોળ બાંધીને લાવતાં.મારી સાસરીમાં જોખી જોખીને ગોળ આપવામાં આવે છે. શહેરમાં મોટેભાગે પતાસાં વહેંચવામાં આવે છે. શહેર હોય કે ગામ, પૂજાવિધિ ચાલતી હોય તે દરમ્યાન ચા તો ખરી જ.

ગામડામાં મંડપમુહૂર્તમાં હાજર રહેવા માટે વાળંદ ઘેર ઘેર નોતરાં આપવા જાય. એ વખતે “ મગનભાઈને ઘેર થાંભલી નોંખવાની છે, ગોળ ખાવા આવજો” એવું કહેવામાં આવે છે. કોઇ ટીખળી જુવાનિયો હોય અને આમંત્રણ સાંભળનારી રુપાળી ભાભી હોય તો અવળું પણ બોલી નાખે. “ એ મંજુભાભી, મગનભાઈને ત્યાં આજ હવારે ગોળ નોંખવાનો છ, થાંભલી ખાવા આવજો.” સમજદાર ભાભી ફટ કરતું ધ્યાન દોરે, “ એવું ચેવું મંસુખભાઈ, ગોળ નોંખવાનો ન થોંભલી ખાવાની ?” તરત મનસુખભાઈ ખડખડાટ હસી પડે.” ભૂલી જ્યો ભાભી. હાળું અવળું બોલઈ જ્યું. થોંભલી નોંખવાની છ, ગોળ ખાવા આવજો, બસ ? “ “હં.. અમ બરોબર” એમ ભાભી હસીને કહે એટલે હરખપદુડા મનસુખભાઈ આગળ આમંત્રણ આપવા ઉપડે.

થાંભલી નાખવા માટેની સોટી કે ડાળખી કુટુંબના જુવાનિયાઓએ ક્યારનીય નકી કરી રાખી હોય. જે દિવસે માંડવામોહૂર્ત હોય તે સવારે તેઓ જઈને એ થાંભલી કાપી આવે છે. થાંભલી લઈને આવનારનું ઘરની ગૃહિણી દ્વારા કંકુચાંદલો કરી સ્વાગત કરવામાં આવે છે. કપાળે ચોખા ચોડવાનું કે મોઢામાં ગોળની કાંકરી મૂકવાનું ગોર મહારાજે યાદ કરાવવું પડતું નથી.

શહેરમાં કાંઈ આવી થાંભલીઓ મળે નહીં. એનો રસ્તો પૂજાપાવાળાઓએ શોધી કાઢ્યો છે. એમણે માણેકથંભ બનાવ્યો. એક ફૂટનો સરસ રંગેલો કોતરેલો લાકડાનો કટકો પેલી સમીવૃક્ષની થાંભલીની ગરજ સારે. પાછું શહેરમાં ગમે ત્યાં ખાડા ખોદી શકાય એવી પોચી જમીન હોય નહીં . એટલે હવે માણેકથંભ રોપવા માટે તૈયાર રંગીન કુંડા મળે છે. પૂજા કરી પાંચ દીકરાઓ તેમની ભાર્યાઓ સાથે માણેકથંભ ભેળા મળીને રોપે છે. એકતા અને કુટુંબભાવના વ્યક્ત કરવાની કેવી સરસ યોજનાઓ આપણા પૂર્વજોએ ઘડી કાઢી હતી ! ઘણા લોકો માણેકથંભ રોપવાનું કુંડુ લાવતા નથી. એના બદલે મંડપના કોઈ થાંભલા સાથે જ માણેક થંભને કચકચાવીને બાંધી દે છે. મોટા મોટા ફ્લેટોમાં તો ના મળે મંડપ બાંધવાની જગ્યા કે ના મળે રુપાળું કુંડુ મૂકવાની જગ્યા એ લોકો શુ કરે ? ઊંટે કાઢ્યા ઢેકા તો માણસે કાઢ્યા ટેકા એ ન્યાયે કોઈ જાળી સાથે માણેકથંભને બાંધી દેવામાં આવે છે. દરવાજાની ડાબી બાજુ હોય એટલે પત્યું. પહેલો વરસાદ આવે ત્યાં સુધી માણેકથંભને સાચવવાનો હોય છે. પહેલો વરસાદ થયા પછી તેને નદી-તળાવના પાણીમાં તરતો મૂકી દેવાની ગોર મહારાજ સૂચના અવશ્ય આપે છે.

મંડપમુહૂર્તના પ્રસંગ માટે માટે કોઈ અલગ ગીત નથી. પણ કંકુ છાંટી કંકોતરી મોકલો” વાળું ગીત જ બીજી કડીમાં “કંકોતરી મોકલો” ના બદલે “ માણેકસ્થંભ રોપિયા” એમ ફેરફાર કરીને ગવાય છે. ઘણી જગ્યાએ વળી કેસર છાંટી કંકોતરી મોકલો” એવું પણ ઉમેરવામાં છે.

કંકુ છાંટી કંકોતરી મોકલો,
કેસર છાંટી કંકોતરી મોકલો;
એમાં લખજો અમીબેનનાં નામ માણેકથંભ રોપિયા.
બેનના દાદા આવ્યા ને દાદી આવશે,
બેનના માતાનો હરખ ના માય રે માણેકથંભ રોપિયા.
બેનના કાકા આવ્યા ને કાકી આવશે,
બેનના ફોઈનો હરખ ના માય રે માણેકથંભ રોપિયા.
બેનના મામા આવ્યા ને મામી આવશે,
બેનનાં માસીનો હરખ ના માય રે માણેકથંભ રોપિયા.
બેનના વીરા આવ્યા ને ભાભી આવશે,
બેનની બેનીનો હરખ ના માય રે માણેકથંભ રોપિયા.